# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


ક્રમાંક/B.K.N.M.U./N.S.S./111/2026 તા. 03/08/2026

**વિષય** – "વિકાસ સપ્તાહ ઉજવણી" અંતર્ગત તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમ્યાન સ્વચ્છતા ઝુંબેશના કાર્યક્રમો આયોજીત કરવા બાબત.

**સંદર્ભ** – ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. ૩૧-૦૭-૨૦૨૬ ના પત્ર ક્રમાંક રસય/૨૦૨૬/૭૩૪૩-૭૯૦૨ મુજબ.

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, **"વિકાસ સપ્તાહની ઉજવણી"** અંતર્ગત તા. ૦૧-૦૯-૨૦૨૬ થી તા. ૧૫-૦૯-૨૦૨૬ દરમ્યાન રાજ્યની તમામ સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સિટી તથા કોલેજોમાં **સ્વચ્છતા ઝુંબેશનું** આયોજન કરવાનું હોવાથી યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સએ પોતાની સંસ્થામાં તથા NSS યુનિટના કાર્યક્ષેત્રમાં **સ્વચ્છતા ઝુંબેશનું** આયોજન કરવા જણાવવામાં આવે છે.

આ સમયગાળા દરમ્યાન વિદ્યાર્થીઓ, NSS સ્વયંસેવકો, એન.સી.સી., યુવક મંડળો તથા શિક્ષકગણના સહયોગથી સંદર્ભદર્શિત પત્રમાં જણાવ્યા મુજબની પ્રવૃતિઓનું આયોજન કરવાનું રહેશે. કાર્યક્રમોનું આયોજન સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ અસરકારક રીતે કરવામાં આવે તથા તેમાં વિદ્યાર્થીઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવે તે ખાસ ધ્યાનપર લેવું.

કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ તથા ટુકા અહેવાલ સાથેની વિગતો નિયત સમયમર્યાદામાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીની નીચે દર્શાવેલ ગુગલ ફોર્મ લિંકમાં તેમજ અત્રે યુનીવર્સીટી, NSS વિભાગ ખાતે ઈ-મેઈલ – nss@bknmu.edu.in પર સમયસર મોકલી આપવા જણાવવામાં આવે છે.

**ગુગલ ફોર્મ લિંક -**

https://docs.google.com/forms/d/e/1FAIpQLScYkYD3MtOxaD-iuUSHLDsCOt3zFcGJGt5b90G_TtZnHiqocQ/viewform

પ્રો. કો- ઓર્ડીનેટર,
એન.એસ.એસ. વિભાગ
BKNMU – જુનાગઢ

**બિડાણ : -**

- સંદર્ભ દર્શિત પત્રની નકલ.

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર. :- રસય/૨૦૨૬/ ૭૩૪૩ - ૭૯૦૨ તા.૩૧/ ૦૭/૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સીટી તમામ

આચાર્યશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ

ગુજરાત રાજ્ય.

**વિષય: "વિકાસ સપ્તાહ ઉજવણી" અંતર્ગત તા.1 થી 15 સપ્ટેમ્બર,૨૦૨૬ દરમિયાન સ્વચ્છતા ઝુંબેશના કાર્યક્રમો યોજવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, "વિકાસ સપ્તાહ ઉજવણી" અંતર્ગત **તા.૦૧/૦૯/૨૦૨૬થી તા.૧૫/૦૯/૨૦૨૬** દરમિયાન રાજ્યની તમામ સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સીટી તથા કોલેજોમાં **સ્વચ્છતા ઝુંબેશ**નું આયોજન કરવાનું રહેશે.

- આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓ, એન.એસ.એસ. સ્વયંસેવકો, એન.સી.સી., યુવક મંડળો તથા શિક્ષકગણના સહયોગથી નીચે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવા વિનંતી કરવામાં આવે છે:

1) કોલેજ/યુનિવર્સિટી કેમ્પસમાં સ્વચ્છતા અભિયાન યોજવું.
2) વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો યોજવા.
3) પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવી.
4) સ્વચ્છતા અંગે શપથવિધિ, રેલી, જાગૃતિ કાર્યક્રમો, વ્યાખ્યાન, નિબંધ, વક્તૃત્વ, પોસ્ટર તથા રંગોળી સ્પર્ધાઓનું આયોજન કરવું.
5) જાહેર સ્થળો, આસપાસના ગામો/વિસ્તારોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ કાર્યક્રમો યોજવા.

ઉપરોક્ત કાર્યક્રમોનું આયોજન સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ અસરકારક રીતે કરવામાં આવે તથા તેમાં વિદ્યાર્થીઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવે તેવી ખાસ વિનંતી છે.

કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ તથા ટૂંકા અહેવાલ સાથેની વિગતો નિયત સમયમર્યાદામાં અત્રેની કચેરીને આ સાથે સામેલ રાખેલ ગૂગલ ફોર્મની લિંકમાં https://docs.google.com/forms/d/e/1FAIpQLScYkYD3MtOxaD-iuUSHLDsCOt3zFcGJGt5b90G_TtZnHiqocQ/viewform?usp=publish-editor અચૂક આપવાની રહેશે.

નાયબ નિયામક(એન.એસ.એસ.)
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ રવાના જાણ સારૂ:</u>

- એન.એસ.એસ.રીઝનલ ઓફિસ, પાલડી, અમદાવાદ

Scanned with OKEN Scanner

## સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત કરેલ આયોજન

યુનિવર્સીટી/કોલેજનું નામ:

કરેલ આયોજન/પ્રવૃત્તિનો પ્રકાર:

ભાગ લેનારની સંખ્યા:

હાજર વિદ્યાર્થીઓની સંખ્યા:

સંયોજકશ્રી/નોડલ અધિકારીશ્રીનું નામ: સંપર્ક નં.

આચાર્યશ્રી/રજીસ્ટ્રારશ્રીનું નામ: સંપર્ક નં.

કાર્યક્રમ/આયોજનનું ટૂંકમાં વર્ણન:

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

| | |
|---|---|
| ફોટોગ્રાફ-૧ | ફોટોગ્રાફ-૨ |
| ફોટોગ્રાફ-૩ | ફોટોગ્રાફ-૪ |

Scanned with OKEN Scanner